જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૧/૨૦૨૫ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૬/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૨૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૫ બિયર ટીન, ૧ સ્કુટર અને ૪ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૭/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૫૮/૨૦૨૫

**ચાંદખેડાઃ** વિનોદભાઈ રમાકાંત યાદવ (રહે. પોલારીશ આનંદ ફ્લેટ કાનબા હોસ્પિટલ સામે નિકોલ) તા.૧૧/૦૧/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા તપોવન સર્કલ પાસે બંગ્લા નંબર ૬૧/૬૨ આગળ પોતાની પાર્ક કરી ઈલેક્ટ્રીકનુ કામકાજ કરવા ગયા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી બેગ ચોરી કરી લઈ ગયા હતા. જે બેગમાં લેપટોપ તેમજ ચાર્જર કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ વિનોદભાઈ યાદવ એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ફયાઃ-** **સમાચાર યાદી નં.૫૯/૨૦૨૫**

**ચાંદખેડાઃ** (૧) રાજુભાઈ મંગળદાસ સોલંકી (ઉ.વ.૬૦) (રહે. ધૃવ દર્શન ટેનામેન્ટ શ્યામ બંગ્લોઝ વિભાગ-૨ ની બાજુમાં આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) તા.૧૧/૦૧/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે મણીપ્રભુ સ્કુલથી અંદર ચાંદખેડા શ્યામ કુટીર ફ્લેટ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રાજુભાઈ સોલંકીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રાજુભાઈ સોલંકીએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**ચાંદખેડાઃ** (૨) શોભાબહેન વા/ઓ ચંદ્રકાંત ધામલેકર (ઉ.વ.૫૭) (રહે. ગામ-લક્ષ્મી ગલી ગરલ્લ ગુંજી તા-ખનાપુર જી-બેલગાવ કર્ણાટક) પોતાના વતનથી ચાંદખેડા ખાતે સંબંધીના લગ્ન પ્રસંગમાં આવેલ હતા અને ચાંદખેડા વિસ્તારમાં જયાં રોકાણ આપેલ હતું ત્યાથી તા.૧૧/૦૧/૨૦૨૫ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે પ્રસંગવાળી જગ્યાએ જવા માટે નિકળ્યા હતા દરમ્યાન ચાંદખેડા જુના બળીયાદેવ મંદીર પાસે મહાવીર ફ્લેટ ન્યુ સી.જી. રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પોર્ટ્સ મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શોભાબહેન ધામલેકરના ગળામાંથી સોનાની માળા કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શોભાબહેન ધામલેકર એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**મણીનગરઃ** કામિનીબહેન પ્રદિપભાઈ ભટ્ટ (ઉ.વ.૬૪) (રહે. સમૃધ્ધી એપાર્ટમેન્ટ સતિ અનસુયા હોસ્પીટલ સામે દક્ષીણી સોસાયટી મણીનગર) તા.૦૯/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક સોસાયટીના દરવાજા આગળ શાકભાજીની લારી નજીક ઉભા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ કામિનીબહેન ભટ્ટના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કામિનીબહેન ભટ્ટ એ તા.૧૧/૦૧/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૦/૨૦૨૫**

**ખોખરાઃ** (૧) લીલાબહેન જીલુજી ગોહિલ (ઉ.વ.૬૦) (રહે. બ્લોક નંબર-૯૦/૧૦૭૦ ધીરજ હાઉસીંગ સેવન્ડે સ્કૂલ પાસે હરિપુરા ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૧૦/૦૧/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૧/૨૦૨૫ કલાક ૬/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ગૌરીબેન દેવજીભાઇ ચલાવે છે.

**ખોખરાઃ** (૨) ઇશાકભાઇ અરવિંદભાઇ પરમાર (ઉ.વ.૬૧) (રહે. રેખાબેનની ચાલી ગૌસ્વામી આવાસ યોજનાની બાજુમાં ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૧૧/૦૧/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

**ઓઢવઃ** (૧) ઓઢવ સીંગરવા વિરાજ રેસીડેન્સીની પાસે શ્રીનાથ પાર્ક સોસાયટી ખાતે રહેતા જયવિરસિંગ બદનસિંગ રાજપુત નાઓની સગીર વયની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૫ સાંજના ૬/૧૫ થી ૬/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે બારીની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

**ઓઢવઃ** (૨) અરૂણાચલમ નાગપ્પા કૈકોલર (ઉ.વ.૫૬) (રહે. આશિર્વાદ સિટી વિભાગ-૧ ચામુંડાનગર પાછળ ગુરૂદ્વારા રોડ આદીનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૫ કલાક ૮/૨૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંકના ધાબા ઉપર લોખંડની સીડી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોધાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી